GJGS070003592024

રજુ થયા તારીખ – ૨૦ / ૦૧ /૨૦૨૪
રજીસ્ટરે લીધા તારીખ – ૨૦ / ૦૧ /૨૦૨૪
ફેંસલ કર્યા તારીખ – ૦૪ / ૦૭ /૨૦૨૬
અવધી – વર્ષ માસ દિવસ

**<u>તાલાલાના મહે.જયુ.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–તાલાલા.</u>**

**<u>ફોજદારી કેસ નં.૩૩૪/૨૦૨૪</u>**

**આંક :**

**ફરીયાદી** – શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપીઓ** – (૧) બહાદુરભાઈ હુશેનભાઈ બ્લોચ,
ઉ.વ.આ.૨૭,
(૨) પ્રેમજીભાઈ ઉર્ફે પ્રેમો ભીખાભાઈ મકવાણા,
ઉ.વ.આ.૪૮,
(૩) બાબુભાઈ માંડણભાઈ ડાભી
ઉ.વ.આ.૨૫,
(૪) ભીમજીભાઈ ભગવાનજીભાઈ વાઘેલા,
ઉ.વ.આ.૪૮,
(૫) અલ્પેશભાઈ સામતભાઈ બારૈયા,
ઉ.વ.આ.૨૩,
(૬) પ્રભાતભાઈ ઉર્ફે ભગાબાપુ દેવજીભાઈ અપારનાથી,
ઉ.વ.આ.૫૦,
તમામ રહે.બોરવાવ, તા.તાલાલા, જી.ગીર સોમનાથ.
(૭) મનસુખભાઈ રામભાઈ વાજા,
ઉ.વ.આ.૪૨,

રહે.પીપળવા, તા.તાલાલા, જી.ગીર સોમનાથ.
(૮) જુસાભાઈ ઉર્ફે સલીમભાઈ મહમદભાઈ નારેજા,
ઉ.વ.આ.૩૩,
(૯) હુશેનભાઈ અલીભાઈ પટણી,
ઉ.વ.આ.૬૦,
(૧૦) ભરતભાઈ અમૃતલાલ મહેતા,
ઉ.વ.આ.૫૮,
(૧૧) મુકેશભાઈ ઉર્ફે બાલો ગોપાલભાઈ લકકડ,
ઉ.વ.આ.૫૧,
તમામ રહે.તાલાલા, જી.ગીર સોમનાથ.

---

| | | |
|---|---|---|
| **ફરીયાદપક્ષ તર્ફે** | – | વિ.એપીપીશ્રી આઈ.એચ.તુર્ક |
| **આરોપીઓ તર્ફે** | – | વિ.વકીલશ્રી એચ.સી.પાઠક |

---

**ગુન્હો – જુગારધારા કલમ–૪, ૫ મુજબ.**

**–:: ચુકાદો ::–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૩/૨૦૨૨ ના કલાક ૦૨/૦૦ વાગ્યે આરોપી નં.૧ ના બોરવાવ ગામે પાકીસ્તાન વિસ્તારમાં ખોડલ પાન પાસે આવેલ રહેણાંક મકાને બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા સારુ નાલ કાઢી પૈસા પાના વડે રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી, જુગારનો અખાડો ચલાવતા હોય જેથી જુગાર અંગે રેઈડ દરમ્યાન કુંડાળુ વળી જુગાર રમતા રેઈડ દરમ્યાન આરોપીઓ પાસેથી રોકડ રૂા.૭૨,૩૦૦/– તથા ગંજી પતા પાના નંગ–૫૨ તથા પાથરણુ–૧ તથા મોબાઈલ નંગ–૯ ની કિંમત રૂા.૨૪,૫૦૦/– તથા જુગાર રમવા આવવા જવા ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ–૦૨, કિંમત રૂા.૩૫,૦૦૦/– ના મુદામાલ સાથે કુલ કિંમત રૂા.૧,૩૧,૮૦૦/– ના મુદામાલ સાથે મળી આવી, આરોપીઓએ જુગારધારાની કલમ–૪, ૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે, જે અંગે તાલાલા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧ ૮૬૦૦૭૨૨૦૦૮૨/૨૦૨૨ થી ગુનો દાખલ કરવામાં આવેલ તેમજ તપાસ કરનાર

અમલદારે તપાસ કરી તપાસનાં અંતે આંક–૧ વાળુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામનાં આરોપીઓને અત્રેની અદાલત દ્વારા પ્રોસેસ ઈસ્યુ કરતા આ કામનાં આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં સી.આર.પી.સી.ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ આપ્યા બાદ આંક–૧૭ થી ૨૭ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

–:: મૌખીક પુરાવો ::–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સબીરભાઈ યાકુબભાઈ મકવાણા ની જુબાની | ૩૦ |
| ૨ | પંચ સાહેદ રાહુલભાઈ ઉર્ફે વાણીયો રતીલાલ દેસાઈ ની જુબાની | ૩૪ |
| ૩ | ફરીયાદી જોરસંગ દેવસંગ પરમાર ની જુબાની | ૪૦ |
| ૪ | પોલીસ સાહેદ ભગવંતસિંહ બળવંતસિંહ ડોડીયા ની જુબાની | ૪૨ |
| ૫ | ત.ક.અ. પરબતભાઈ જીવાભાઈ બાંટવા ની જુબાની | ૪૭ |

–:: દસ્તાવેજી પુરાવો ::–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૩૧ |
| ૨ | ફરીયાદ | ૪૧ |
| ૩ | એફ.આઈ.આર. | ૪૮ |
| ૪ | જુગારધારા કલમ–૬ મુજબનુ વોરંટ | ૪૯ |
| ૫ | આરોપી નં.૧ નો માલીકી અંગેનો દસ્તાવેજ | ૫૦ |

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની **કલમ–૩૧૩** અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓની ઉપર ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે **વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે વિ.વ.શ્રીની** વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૪)** હાલનાં કેસનાં ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(અ) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૩/૨૦૨૨ ના કલાક ૦૨/૦૦ વાગ્યે આરોપી નં.૧ ના બોરવાવ ગામે પાકીસ્તાન વિસ્તારમાં ખોડલ પાન પાસે આવેલ રહેણાંક મકાને બહારથી માણસો બોલાવી પોતાના અંગત ફાયદા સારુ નાલ કાઢી પૈસા પાના વડે રોન પોલીસ નામનો જુગાર રમી રમાડી, જુગારનો અખાડો ચલાવતા હોય જેથી જુગાર અંગે રેઈડ દરમ્યાન કુંડાળુ વળી જુગાર રમતા રેઈડ દરમ્યાન આરોપીઓ પાસેથી રોકડ રૂા.૭૨,૩૦૦/– તથા ગંજી પતા પાના નંગ–૫૨ તથા પાથરણુ–૧ તથા મોબાઈલ નંગ–૯ ની કિંમત રૂા.૨૪,૫૦૦/– તથા જુગાર રમવા આવવા જવા ઉપયોગમાં લીધેલ મોટર સાયકલ–૦૨, કિંમત રૂા.૩૫,૦૦૦/– ના મુદામાલ સાથે કુલ કિંમત રૂા.૧,૩૧,૮૦૦/– ના મુદામાલ સાથે મળી આવી, આરોપીઓએ જુગારધારાની કલમ–૪, ૫ મુજબનો ગુનો કરેલ છે?

(બ) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો તેનાં કારણો સહિત નીચે મુજબ છે.

(અ) નકારમાં

(બ) આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય માટેનાં કારણો</u> :-**

(૬) સદર કામે આગળ વધતા પહેલા સદર અદાલત નામદાર ગુજરાત વડી અદાલતના નિર્ણીત કરેલ **<u>2016(4) GLR 3159 THE STATE OF GUJARAT vs YADVENDRASING SARDAR SURJITSING JAT(SHIKH) & others</u>** ના ચુકાદાનો નિર્ણયાધાર વંચાણે લેવાનું ઉચીત સમજે છે. જેમાં ઠરાવેલ છે કે,

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

(૭) આમ, ઉપરોકત ચુકાદાના ઉજાસમાં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, આ કામે ફરીયાદપક્ષ ધ્વારા **આંક-૩૦ થી પંચ સાહેદ સબીરભાઈ યાકુબભાઈ મકવાણા તથા આંક-૩૪ થી પંચ સાહેદ રાહુલભાઈ ઉર્ફે વાણીયો રતીલાલ દેસાઈ નાઓને તપાસવામાં આવેલ છે. જેના રૂબરૂ આરોપીઓનાં કબજામાંથી જુગારનું સાહિત્ય તથા રોકડ રકમ મળી આવેલ હોવાની હકીકત સબબ ફરીયાદપક્ષનો કેસ છે. તેઓ પોતાની રૂબરૂ આંક-૩૧ વાળુ પંચનામુ થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.** વધુમાં આ કામે ચાર્જશીટ ધ્યાને લેતાં તેમાં ફરીયાદપક્ષે સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદને જ લેવામાં આવેલ છે.

(૮) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ દ્વારા આંક-૪૦ થી આ કામના **ફરીયાદી જોરસંગ દેવસંગ પરમાર** ને તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવામાં આંક-૪૧ થી ફરીયાદ રજુ થયેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓ એ વાતનો સ્વિકાર કરે છે કે, **કોઈપણ જગ્યાએ રેઈડમાં જવાનુ હોય તે પહેલા સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી જરૂરી છે, આવી નોંધ આ કામે રજુ**

**કરેલ નથી, આ કામે વાહનનો કોઈ લોગ બુકનો ઉતારો રજુ કરેલ નથી, કયુ વાહન લઈને ગયેલ તેનો ઉલ્લેખ કરેલ નથી, આજુબાજુમાં રહેણાંકી વિસ્તાર હતો, બનાવવાળી જગ્યા કોની માલીકીની હતી તેનુ રેવન્યુ રેકર્ડ મેળવેલ નથી, બનાવવાળી જગ્યાએ ઘણા બધા માણસો ભેગા થઈ ગયા હતા, વોરંટ–૬ ડી.વાય.એસ.પી. કચેરી વેરાવળ ખાતેથી મેળવવુ પડે છે અને આ વોરંટ કયારે મેળવેલ તેની તારીખ હાલ તેઓને યાદ નથી, આ વોરંટ કઈ તારીખ છે અને કઈ તારીખ સુધી અમલમાં છે તે તેઓની ફરીયાદમાં દર્શાવેલ નથી, સદરહુ વોરંટ તેઓએ મેળવેલ નથી, સદરહુ વોરંટ કોના નામે મેળવેલુ તે ફરીયાદમાં જણાવેલ નથી, આરોપી પાસેથી કબજે કરેલ પત્તાનો કલર કયા કયા હતા તે તેઓની ફરીયાદમાં જણાવેલ નથી, આરોપી પાસેથી ચલણી નોટો મેળવેલ તેના નંબર તેઓની ફરીયાદમાં જણાવેલ નથી.** વધુમાં સદર કામે ફરીયાદપક્ષ દ્વારા **આંક–૪૨ થી પોલીસ સાહેદ ભગવંતસિંહ બળવંતસિંહ ડોડીયા** ને તપાસવામાં આવેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, **આ ગુનાના કામે આરોપીઓના કોઈ આધાર પુરાવા તેઓએ કબજે કરેલ નથી, આ કામે તેઓના સ્ટાફ સાથે હતા અન્ય કામગીરી કરેલ નથી, કયા આરોપીઓ પાસે કયા કયા પાના હતા કેટલા રુપીયા હતા હાલ તેઓ કહી શકે નહી, તેઓ કયા વાહનમાં ગયેલા તેનો હાલ નંબર તેઓ કહી ના શકે, જુગારધારાનુ વોરંટ કોણ લેવા ગયેલ તે તેઓ કહી શકે નહી, પ્રાથમિક તપાસ દરમ્યાન કહેવાતા બનાવની જમીન કોની માલીકીની હતી તે તેઓ કહી શકે નહી અને આ બાબતની કોઈ તપાસ તેઓએ કરેલ નથી, પંચોને કોણે બોલાવેલ તે તેઓ કહી શકે નહી.** વધુમાં સદર કામે ફરીયાદપક્ષ દ્વારા આંક–૪૭ થી આ કામના **ત.ક.અ. પરબતભાઈ જીવાભાઈ બાંટવા** ને તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવામાં આંક–૪૮ થી એફ.આઈ.આર., આંક–૪૯ થી જુગારધારા કલમ–૬ મુજબનુ વોરંટ તથા આંક–૫૦ થી આરોપી નં.૧ માલીકી અંગેનો

દસ્તાવેજ રજુ થયેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓ એ વાતનો સ્વિકાર કરે છે કે, **કોઈપણ જગ્યાએ રેઈડમાં જવાનુ હોય તે પહેલા સ્ટેશન ડાયરીમાં નોંધ કરવી જરૂરી છે, આવી નોંધ આ કામે રજુ કરેલ નથી, આ કામે વાહનનો કોઈ લોગ બુકનો ઉતારો રજુ કરેલ નથી, કયુ વાહન લઈને ગયેલ તેનો ઉલ્લેખ કરેલ નથી, જે વ્યકિત સામે ફોજદારી કેસ ચાલતો હોય તે વ્યકિતને પંચ તરીકે લઈ શકાય નહી, આ કામના પંચ નં.ર રાહુલ ઉર્ફે વાણીયો રતીલાલ દેસાઈની સામે ફોજદારી કેસ નં.૧૩૯/૨૦૨૨ થી પ્રોહીબીશનનો કેસ તાલાલા પો.સ્ટે.માં નોંધાયેલ, પંચ તરીકે પ્રતિષ્ઠીત વ્યકિત રહી શકે, આજુબાજુમાં રહેણાંકી વિસ્તાર હતો, બનાવવાળી જગ્યાએ ઘણા બધા માણસો ભેગા થઈ ગયા હતા, વોરંટ–૬ ડી.વાય.એસ.પી. કચેરી વેરાવળ ખાતેથી મેળવવુ પડે છે અને આ વોરંટ કયારે મેળવેલ તેની તારીખ હાલ તેઓને યાદ નથી, આ વોરંટ કઈ તારીખ છે અને કઈ તારીખ સુધી અમલમાં છે તે તેઓની ફરીયાદમાં દર્શાવેલ નથી, સદરહુ વોરંટ તેઓએ મેળવેલ નથી, સદરહુ વોરંટ કોના નામે મેળવેલુ તે ફરીયાદમાં જણાવેલ નથી, આરોપી પાસેથી કબજે કરેલ પત્તાનો કલર કયા કયા હતા તે તેઓની ફરીયાદમાં જણાવેલ નથી, આરોપી પાસેથી ચલણી નોટો મેળવેલ તેના નંબર તેઓની ફરીયાદમાં જણાવેલ નથી.**

(૯) આમ, જયારે સદર કામે મુદ્દામાલ રીકવરીના પંચ સાહેદો ફરિયાદપક્ષ દ્વારા વિમુખ થયેલા જાહેર કરેલ હોય ત્યારે નામ. બોમ્બે હાઈકોર્ટ દ્વારા નિર્ણિત **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓમકાર માનીક પાટીલ ક્રિ.લો.રીપોર્ટર (એમ.એચ.) ૧૯૭૯, પાના નં. ૪૨૧** નો ચુકાદો ધ્યાને લેતા જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ આરોપીઓને ગુન્હા સાથે સંકળાતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવવાનો સંભવ નથી. વધુમાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાતુ નથી.

આમ, રજૂ પુરાવો ધ્યાને લેતા બનાવ બનેલ ત્યારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. આરોપીઓના પ્રત્યક્ષ કબ્જામાંથી મુદ્દામાલ મળી આવેલ હોવાનું ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય તે તમામનો લાભ આરોપીને મળવા પાત્ર જણાય આવે છે. આ તમામ સંજોગોમાં રજૂ પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોનું સમર્થન ન મળતા તે સંજોગોમાં આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર હોય, તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો ગુન્હો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>– આખરી હુકમ –</u>**

(૧) આ કામના આરોપીઓ ૧) બહાદુરભાઈ હુશેનભાઈ બ્લોચ, ૨) પ્રેમજીભાઈ ઉર્ફે પ્રેમો ભીખાભાઈ મકવાણા, ૩) બાબુભાઈ માંડણભાઈ ડાભી, ૪) ભીમજીભાઈ ભગવાનજીભાઈ વાઘેલા, ૫) અલ્પેશભાઈ સામતભાઈ બારૈયા, ૬) પ્રભાતભાઈ ઉર્ફે ભગાબાપુ દેવજીભાઈ અપારનાથી, તમામ રહે.બોરવાવ, તા.તાલાલા, જી.ગીર સોમનાથ, ૭) મનસુખભાઈ રામભાઈ વાજા, રહે.પીપળવા, તા.તાલાલા, જી.ગીર સોમનાથ, ૮) જુસાભાઈ ઉર્ફે સલીમભાઈ મહમદભાઈ નારેજા, ૯) હુશેનભાઈ અલીભાઈ પટણી, ૧૦) ભરતભાઈ અમૃતલાલ મહેતા તથા ૧૧) મુકેશભાઈ ઉર્ફે બાલો ગોપાલભાઈ લકકડ, તમામ રહે.તાલાલા, જી.ગીર સોમનાથ નાઓને સી.આર.પી.સી.ની કલમ–૨૫૫(૧) હેઠળ જુગારધારાની કલમ–૪, ૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ વાહન તથા મોબાઈલ ફોન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે. વધુમાં કબજે કરવામાં આવેલ મુદામાલ સંદર્ભે કોઈ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો તે મુદામાલની માલીકી અંગેની ખરાઈ કરી તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલ ચલણી

નોટો સરકાર ખાતે જમા લેવા તથા કબજે કરવામાં આવેલ અન્ય મુદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ **૪૩૭(એ) મુજબના રૂા.૫૦૦૦/–** ના જામીન રજુ કરવા.

હુકમ આજ તા.૦૪, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૦૪–૦૭–૨૦૨૬

**(પુષ્પરાજસિંહ નરેન્દ્રસિંહ જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.